NATIONAL DAIRY DEVELOPMENT BOARD

# કથીરી/ઇતરડી નિયંત્રણ માટે "વન હેલ્થ" અભિગમ

## કથીરી/ઇતરડી નિયંત્રણ શા માટે જરૂરી છે?

- કથીરી એનાપ્લાઝ્મોસિસ, થાઇલેરિયોસિસ અને બેબેસિઓસિસ જેવા રોગો ફેલાવે છે જે જીવલેણ હોઈ શકે છે.
- વધારે ઉપદ્રવ એનિમિયા, નબળી રોગપ્રતિકારક શક્તિ અને ઉત્પાદનમાં ભારે નુકશાન કરી શકે છે.
- કથીરી કરડવાથી થતી એલર્જી ગંભીર સમસ્યા પેદા કરે છે.
- દરેક કથીરી/ઇતરડી મોટી સંખ્યામાં ઇંડા મૂકે છે, જે પછીની સ્થિતિ નિયંત્રિત કરવી મુશ્કેલ બની જાય છે.
- તે મનુષ્યોમાં ક્રિમિઅન કોંગો હેમોરહેજિક ફીવર (CCHF) જેવા ગંભીર કથીરી-જન્ય રોગોનો પણ ચેપ લગાવી શકે છે.

## ગોજાતીય કથીરી/ઇતરડીનું જીવન ચક્ર અને નિયંત્રણના ઉપાયો

તે પશુઓ પર રહે છે અને નિમ્ફના સ્વરૂપે વિકસે છે.



**નિયંત્રણ ઉપાયો:**
- ખાસ કરીને ગરમ અને ભેજવાળા મહિનાઓમાં, ગરદન, આંચળ અને પેરીનિયલ ભાગો પર હાથ ફેરવીને પશુઓની નિયમિત તપાસ કરો.



નીમ્ફ લગભગ 3 અઠવાડિયા સુધી લોહી પીવે છે પછી ઇંડા મૂકવા માટે નીચે પડે છે અને મૃત્યુ પામે છે.

**નિયંત્રણ ઉપાયો:**
- દેશી મરઘીઓ ઉછેરો જે કથીરી/ઇતરડી ખાઈ શકે છે.
- નિયમિતપણે પશુઓ અને આસપાસની જગ્યાને જીવાતમુક્ત કરો.
- નવા ખરીદેલા પશુને ધણમાં દાખલ કરતા પહેલા હંમેશા જીવાતમુક્ત કરો.
- કથીરી/ઇતરડી માં પ્રતિકાર ટાળવા માટે વિવિધ દવાઓ સાથે પારંપરિક / વૈકલ્પિક ઉપયોનો ઉપયોગ કરો.



દરેક કથીરી/ઇતરડી લગભગ 3000 ઇંડા મૂકી શકે છે

**નિયંત્રણ ઉપાયો:**
- નિયમિતપણે પશુઓ અને આસપાસની જગ્યાને જીવાતમુક્ત કરો.



ઇંડામાંથી બહાર નીકળ્યા પછી, લાર્વા ઘાસના છેડા પર ચઢીને ભેગા થાય છે.

**નિયંત્રણ ઉપાયો:**
- ખૂબ ચેપી ગૌચર જગ્યાઓ ટાળો.
- ચરવાની જગ્યા બદલતા રહો.

## આર્થિક અસરો

### કથીરી/ઇતરડીના નિયંત્રણ કર્યા વગર

- વજન ઘટવું
- રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો
- રસીકરણમાં નિષ્ફળતા
- કથીરીજન્ય રોગો (બેબેસિયા, થાઇલેરિયા, એનાપ્લાઝ્મા) ને કારણે મૃત્યુદરનું ઊંચું જોખમ
- ઉત્પાદનમાં ઘટાડો
- વધારે સારવાર ખર્ચ
- પશુઓથી મનુષ્યોમાં ફેલાતા રોગોનું વધતું જોખમ (દા.ત. CCHF)
- કથીરી/ઇતરડી કરડવાથી ત્વચાની એલર્જી
- પશુમાં આરામદાયક સ્થિતિનો અભાવ
- આસપાસના પશુમાં ચેપ ફેલાવાની શક્યતા

### કથીરી/ઇતરડીનું નિયંત્રણ કર્યું હોય તો

- ખોરાકનું વધુ સારું પાચન
- વધુ સારી રોગપ્રતિકારક શક્તિ અને સ્વાસ્થ્ય
- કથીરી/ઇતરડીજન્ય રોગોનું જોખમ ઓછું
- વધુ સારું ઉત્પાદન
- સારવારનો ખર્ચ ઓછો
- પશુઓથી મનુષ્યોમાં ફેલાતા રોગોનું જોખમ ઓછું
- પશુની આરામદાયક સ્થિતિ

**આજથી જ કથીરી/ઇતરડીનું નિયંત્રણ શરૂ કરીએ!**

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.